33/C

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,

સેક્ટર-૧૦-એ, જલસેવા ભવન

ગાંધીનગર

## પરિપત્ર

ક્રમાંક-ટેકસેલ/હાઇડ્રોલીક ટેસ્ટીંગ/ ૭૮૯/૨૦૧૮ તા.૧૪/૦૫/૨૦૧૮

**વિષય:- પાણી પુરવઠા યોજનાના ઘટકો પાઇપલાઇન/સ્ટોરેજ સ્ટ્રક્ચરના હાઇડ્રોલીક ટેસ્ટીંગ બાબત.**

પ્રસ્તાવના:-

રાજ્યભરમાં વિવિધ ડેમોના જળાશયો આધારિત જુદી જુદી જુથ યોજના મારફતે ગામોને સરફેસ પાણી આપવાની યોજનાઓને મંજૂરી આપવામાં આવેલ છે. તે પૈકી કેટલીક જુથ પાણી પુરવઠા યોજનાઓ અમલીકરણના અંતિમ તબક્કામાં છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા અમલીકરણ થતી યોજનાઓની પાઇપલાઇન, ફીલ્ટર પ્લાન્ટ, સમ્પ, ઉંચી ટાંકી વગેરેમાં હાઇડ્રોલીક ટેસ્ટીંગ કરવાની જોગવાઇ હોય છે. આ તમામ પ્રકરના કામો પર ટેન્ડરની શરતો તેમજ સ્પેસીફિકેશન મુજબ હાઇડ્રોલીક ટેસ્ટીંગ કરવુ અનિવાર્ય છે. ટેન્ડરની શરતોની જોગવાઇ ઉપરાંત આ યોજનાના ઉપર દર્શાવેલ ઘટકોનું હાઇડ્રોલીક ટેસ્ટીગ અંગેનું જરૂરી દસ્તાવેજી સ્વરૂપમાં રેકર્ડ રહે તે માટે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

રાજ્યની હાલ પ્રગતિ હેઠળની, અંતિમ તબક્કામાં પહોંચેલ અને નવીન જુથ યોજનાઓની પાઇપલાઇન અને અન્ય ઘટકોનું ટેકનીકલ સ્પેસીફીકેશન મુજબ હાઇડ્રોલીક ટેસ્ટીંગ કરવાનું રહેશે. તેમજ તેનું ફોટોગ્રાફ/વિડીઓ રેકોડીંગ કરવાનું રહેશે. ટેસ્ટીંગ કામગીરીનું રોજકામ T.P.I તેમજ સંબંધિત તાંત્રિક કર્મચારી દ્વારા સંયુક્ત રીતે કરી બીલ સાથે રજુ કરવાનું રહેશે. હાઇડ્રોલીક ટેસ્ટીંગ અંગેનું પ્રમાણપત્ર મેળવી કાર્યપાલક ઇજનેર દ્વારા યોગ્ય ચકાસણી કર્યા બાદ જ જે તે કામનું ચુકવણું અને યોજનાનું આખરી બીલ કરવાનું રહેશે. યોજનાનું કમ્પલીશન સર્ટીફીકેટ તેમજ ઇજારદારને ૩-એ સર્ટીફીકેટ ત્યારબાદ જ આપવાનું રહેશે. ઉક્ત સુચનાઓનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.

(sd/-)
મુખ્ય ઇજનેર (ટેકનીકલ)

નકલ સાદર રવાના પ્રતિ :-

- અંગત સચિવશ્રી, માન. અધ્યક્ષશ્રીનું કાર્યાલય, ગુ.પા.પુ.ગ.વ્ય. બોર્ડ, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. સભ્ય સચિવશ્રીનું કાર્યાલય, ગુ.પા.પુ.ગ.વ્ય. બોર્ડ, ગાંધીનગર

નકલ રવાના પ્રતિ:-

- મુખ્ય ઇજનેરશ્રી, મોનીટરીંગ અને પ્લાનીંગ, ગુ.પા.પુ.ગ.વ્ય. બોર્ડ, ગાંધીનગરને જાણ સારૂ.
- મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૧,૨,૩,૪,૫ વડોદરા, અમદાવાદ, રાજકોટ, કચ્છ, જુનાગઢ તરફ જાણ સારૂ અમલ સારૂ.

Office of the Chief Engineer (Mech.)
Inward No 1375
Date 16-5
CE (Mech.)
S.E.(Mech.)

15/5/18

- સર્વે અધિક્ષક ઇજનેરશ્રી તરફ જાણ તથા અમલ સારૂ.
- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રી તરફ જાણ તથા અમલ સારૂ.